ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૫ ટકા

# ફરિયાદ નોંધવા પોલિસે યુવાનને મહિના સુધી ધક્કા ખવડાવ્યા...!

**મહિના પહેલા ઝુંડાલ કેનાલમાં સ્યુસાઈડ કરી લેનાર યુવાનને ન્યાય અપાવવા સગો ભાઈ પુરાવા લઈને ઘાટલોડીયા અને અડાલજ પોલિસ સ્ટેશનમાં ધક્કા ખાતા રહ્યો : ગાંધીનગર એસપીને આ બાબત ધ્યાને આવતા અડાલજ પીઆઈને ફરિયાદ લેવા આદેશ કર્યો : આખરે અડાલજ પોલિસ મથકમાં મૃતક યુવાનના સાસરીયા સામે ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારના એક યુવાને ઝુંડાલ કેનાલમાં આપઘાત કર્યો હતો. આ મૃતક યુવાનનો સગો ભાઈ છેલ્લા એક મહિનાથી ભાઈને ન્યાય અપાવવા આપઘાત કરવા પાછળ જવાબદારો ના પુરાવાઓ લઈને પોલિસ સ્ટેશનના ધક્કા ખાઈ રહ્યો હતો. અડાલજ પોલિસ અને ઘાટલોડીયા પોલિસ આ મૃતક યુવાનના ભાઈને ફરિયાદ ન નોંધવી પડે તે માટે મહિનાથી ફુટબોલની જેમ આ પોલિસ સ્ટેશનથી પેલા પોલિસ સ્ટેશનમાં ફંગોળતા હતા. આખરે ત્રણ દિવસ પહેલા ગાંધીનગર એસપીને સમગ્ર મામલાથી વાકેફ કરી યુવાને અડાલજ પોલિસ ફરિયાદ ન નોંધતી હોવાની રજુઆત કરી ત્યારે આ બાબતને ગંભીરતાથી લઈ એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે અડાલજ પીઆઈનો ઉધડો લીધો હતો અને તાત્કાલીક આ યુવાનની ફરિયાદ લેવા કડક સુચના આપતા આખરે અડાલજ પોલિસે તેની ફરિયાદ લઈ મૃતક યુવાનના સાસરીયાઓ સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી હોવાનું ધ્યાને આવ્યું છે.

મળતી માહિતી મુજબ ઘાટલોડીયા ખાતે રહેતો ૨૬ વર્ષીય યુવાન કિશોર રાયચંદજી ઠાકોર મેડીકલ રીપ્રેઝન્ટેટીવ તરીકે નોકરી હતી હતો અને વૈભવી ઠાકોર સાથે તેના બે વર્ષ પહેલા લગ્ન થયા હતા. થોડા મહિનાઓથી વૈભવી રીસાઈ હતી અને પિયર રહેતી હતી. તેણીના પિતા મહેશજી ઉર્ફ અશોકજી ઠાકોર અને સાળો વિશાલ ઠાકોર અવારનવાર જમાઈને ફોન



કરીને રૂ. ૧૦ લાખની માંગણી કરી છુટ્ટુ કરી દેવાની વાતો કરી કિશોરને પ્રેશરમાં રાખતા હતા. ૮ એપ્રિલે લોક અદાલતમાં પત્નિ ન આવી અને મેસેજ મોકલાવ્યા કે મારે આવવું નથી રૂપિયા મોકલાવી દેજે. છુટાછેડા લેવા છે ત્યારબાદ કિશોર ઠાકોર ઘરે ગયો ત્યારે વૃધ્ધ માતાને કહ્યું કે, '૧૦ લાખ તૈયાર રાખજે, પેલી આવવાની ના પાડે છે.' તેમ કહી તે જ દિવસે ઘરેથી નિકળી ગયો હતો. ત્યાર બાદ બે દિવસ પછી ઝુંડાલ કેનાલમાંથી તેનો મૃતદેહ મળ્યો હતો. સાસરીયાઓના ત્રાસથી તેણે આપઘાત કરી લીધો હતો. અંતિમ વિધીઓ પુર્ણ થયા બાદ મૃતકના ભાઈ ગોવિંદ ઠાકોરના હાથમાં તેના ભાઈ કિશોરની ડાયરી આવી તેમાં તે ડેઈલી નોટ લખતો હતો. આ ડાયરીમાં તેના સસરા, સાળા અને પત્નિના ત્રાસ લખેલા હતા. ગોવિંદ ડામોરે આ ડાયરી તથા મેસેજ ડીટેઈલ સહિતના પુરાવાઓ લઈ મૃતક ભાઈને ન્યાય અપાવવા કિશોરના સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવવા એક મહિના સુધી પોલિસ સ્ટેશનોના ધક્કા ખાધા. અડાલજ પોલિસ કહે કે ઘાટલોડીયા ત્રાસ અપાયો હતો એટલે ગુનો ત્યાં દાખલ થાય..! અને ઘાટલોડીયા પોલિસ કહે છે આપઘાત ઝુંડાલ કર્યો એટલે ગુનો ત્યાં દાખલ થાય..! આખરે કંટાળેલો ગોવિંદ ઠાકોર ગાંધીનગર એસ.પી. કચેરી પહોંચ્યો અને એસ.પી.ને બનાવથી વાકેફ કર્યા..! એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે અડાલજ પી.આઈ.નો ઉધડો લઈ આપઘાતના દુષ્પ્રેરણની ફરિયાદ નોંધવા આદેશ કરતા આખરે અડાલજ પોલિસે ગુનો દાખલ કર્યો છે.

# પતિને આડા સંબંધ હોવાની શંકાએ પત્નિનો ઝુંડાલ કેનાલમાં આપઘાત

**થલતેજની પરિણીતાએ ઝુંડાલ આવીને કેનાલમાં ઝંપલાવ્યું**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક ઝુંડાલ નર્મદા કેનાલમાં થલતેજની પરિણીતાએ ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પતિને આડા સંબંધ હોવાની શંકાએ પત્નિએ આ પગલું ભર્યું હોવાનું ખુલ્યું છે. જો કે આપઘાત કરનાર પત્નિને ખાતરી હતી કે તેણીના પતિએ બીજી મહિલા સાથે લગ્ન કરેલા છે. જો કે અડાલજ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

ઝુંડાલ નર્મદા કેનાલની બહાર એકટીવા મુકીને એક મહિલાએ છલાંગ લગાવી મોતને વ્હાલુ કરી દીધું હતું. અડાલજ પોલિસે મૃતદેહ બહાર કઢાવી મૃતકની ઓળખ માટે તપાસ કરતાં જાણવા મળ્યું કે આ મહિલા ૩૭ વર્ષીય ગીતાબેન રમેશજી ઠાકોર (રહે. થલતેજ) હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર ગીરીશભાઈએ અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાત કરવાનું કારણ જાણવા તપાસ કરતા બહાર આવ્યું છે કે તેણીના પતિ રમેશજીને વિરમગામ નજીકની કોઈ તાલુકા પંચાયતની મહિલા સદસ્ય સાથે આડા સંબંધ છે. તેણીની સાથે પતિ રમેશજીએ લગ્ન કરેલા છે. બે પત્નિઓની બાબતના ડખામાં ગીતાબેન ઘરેથી એકટીવા લઈને નીકળી ગયા અને કેનાલમાં પડતું મુકીને આપઘાત કરી લીધો હોવાનું પોલિસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જો કે પોલીસે આ દિશામાં ઉંડી તપાસ હાથ ધરી છે.

# વોર્ડ નં. ૭ અને ૮માં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૭ અને ૮ માટે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વસાહતીઓને આવકના દાખલા સહિત વિવિધ જરૂરી દસ્તાવેજો કે પ્રમાણપત્રો સ્થળ પર કાઢી આપવામાં આવ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમમાં વોર્ડ નં. ૭ અને ૮ના સ્થાનિક નગરસેવકોએ ઉપસ્થિત રહી વસાહતીઓને મદદરૂપ બન્યા હતા.

# રવિવારે વાવોલમાં સ્વૈચ્છિક રકતદાન કેમ્પ

ગાંધીનગરના વાવોલ ગામે તા. ૧૪મીમે રવિવારના રોજ સવારે ૯ થી બપોરના ૧.૩૦ કલાક દરમિયાન સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરનું આયોજન વાવોલ ગ્રામ પંચાયત કચેરી ખાતે ગામના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું છે.

હાલના સમયમાં સિવિલ હોસ્પિટલમાં રકતની અછત વર્તાઈ રહી છે જેના કારણે દર્દીઓને હાલાકી ભોગવવી પડે છે. હોસ્પિટલની રકતની જરૂરિયાતને પુરી કરવા દર અઠવાડિયે એક સો થી સવાસો બેગ રકતની જરૂર પડી રહી છે. આ સંજોગોમાં વાવોલ ગામના રહીશો દ્વારા ઉમદા ઉદાહરણ રજૂ કરતા સ્વૈચ્છિક રકતદાન શબિરનુ આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિરમાં જોડાઈ રકતદાન કરવા વાવોલના સરપંચ નગીનભાઈ વાડીયા, ઉપસરપંચ ભાવનાબા ગોલ, તલાટી કમ મંત્રી દર્શન શાહ, પૂર્વ સરપંચ કમલેશજી ગોલ સહિત ગામના અગ્રણીઓએ અપીલ કરી છે.

# વિશ્વ હિન્દુ પરિષદની બેઠકમાં સામાજિક સમરસતા પર ભાર મુકાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના વિશ્વહિન્દુપરિષદના જિલ્લા એકમની બેઠક તા. ૧૧મેના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સેકટર-૭માં વીએચપીના કાર્યાલય ભારતમાતાના મંદિરે યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાંત સંગઠન મંત્રી ઘનશ્યામભાઈ પટેલની અધ્યક્ષતામાંહિન્દુસમાજનેએક કરવાના સામાજિક સમરસતા કાર્યક્રમ પર ભાર મુકવામાં આવ્યો હતો.

વીએચપીની બેઠકમાં બજરંગ દળ, દુર્ગાવાહિની તથા પરિષદ શિક્ષા વર્ગમાં ભાગ લેનાર કાર્યકરોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ સાથે જિલ્લાના મઠમંદિરોની યાદી તૈયાર કરવાનુંઆયોજન પણ હાથ ધરાયુંહતું. આ પ્રસંગે પ્રવિણભાઈ તોગડિયાના સંકલ્પ મુજબ એક મુઠ્ઠી અનાજ એકત્ર કરી ભૂખ્યાં ગરીબ હિન્દુ પરિવારોને વિતરણ કરવાનું આયોજન પણ કરવામાંઆવ્યુંહતું. આ મિટિંગના અંતે ગાંધીનગર જિલ્લા તથા શહેરના નીચે મુજબના કાર્યકરોને જવાબદારી સોંપવામાં આવી હતી.

કાર્યકરો તરીકે ભૂપેન્દ્રભાઈ રાવ-જિલ્લામાં મઠમંદિર પ્રમુખની વધારાની જવાબદારી, હાર્દિકભાઈ બારોટ-શહેર બજરંગ દળ સુરક્ષા પ્રમુખ, મહેશભાઈ રાવળ- સેઃ૧૯ બ.દ. પ્રમુખ, શૈલેષભાઈ રાવળ-સેઃ૨૦ વિહીપ પ્રમુખ, કેયૂરભાઈ રાવળ-સેઃ૨૦ બ.દ.પ્રમુખ, ફાલ્ગુનભાઈ મોદી-સેઃ૨૨ વિહીપ પ્રમુખ, ચિરાગભાઈ દરજી-સેઃ૨૪ વિહીપ પ્રમુખ, કિરીટભાઈ મકવાણા-સેઃ૨૪ વિહીપ પ્રમુખ, સંકેતભાઈ સોમેશ્વરા-સેઃ૨૪ બ.દ. પ્રમુખ, કૃણાલભાઈ ચૌહાણ-સેઃ૨૪ બ.દ. ઉપપ્રમુખ, હિતેશભાઈ સોલંકી-સેઃ૨૫, વિહીપ પ્રમુખ, વિનોદભાઈ વાઘેલા-સેઃ૨૫ વિહીપ મંત્રી, રણજીતસિંહ ચાવડા-ધોળાકુવા બ.દ. પ્રમુખ, હર્ષદભાઈ બારોટ-બોરીજ વિહીપ પ્રમુખ, સુરેશજી ઠાકોર-બોરીજ વિહીપ મંત્રી અને વિક્રમજી ઠાકોર-બોરીજ બ.દ. પ્રમુખને જવાબદારી સોંપવામાં આવી છે.

# જૈન સમાજનો સગપણ સેતુ ૨૦૧૭ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત રીજીયન દ્વારા આગામી તા. ૨૫-૬-૨૦૧૭ને રવિવારે ટાઉનહોલ, ગાંધીનગરમાં સમસ્ત જૈન સમાજના અપરિણીત યુવક યુવતીઓ, વિધવા-વિધુર-છુટાછેડા વાળા ઉમેદવારો માટે પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેના ફોર્મ તથા વધુ માહિતી મેળવવા માટે જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના અગ્રણીઓ અરવિંદ શાહ, આર.ડી. ગાંધી પારસ સંઘવી, વી.બી. શાહ તથા સંજયભાઈ શાહ (પી. મનુભાઈ મેડીકલ સ્ટોર્સ, સે-૨૧)નો સંપર્ક સાધવા વિનંતી છે.

# ઈન્દ્રપુરા ગામે ભવ્ય શિવકથા યોજાશે

માણસા તાલકાના ઈન્દ્રપુરા ગામે શ્રી શિવ મહાપુરાણ કથા યોજાશે. આ કથાનું રસપાન શિવકથા વકતા સંજયભારતી ગોસ્વામી દ્વારા પોતાની આગવી શૈલીમાં કરાવશે.

આ શિવ મહાપુરાણ કથા વિશાળ ડોમ અને એસી કુલરની તમામ સગવડ સાથે યોજાશે અને તે માટે ગ્રામજનો દ્વારા તૈયારી કરવામાં આવી છે. કથાનો પ્રારંભ તા. ૧૫મી મે સોમવારે થશે જેનો સમય સવારે ૮ થી ૧૧ કલાક અને રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન એમ બે સમયે કથા યોજાશે. આ શિવ મહાપુરાણ કથા તા. ૨૧મી મે રવિવારે વિરામ પામશે. જેનો સૌ ભકતોને લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● સે-૨૪ આદર્શનગર પીળા પટ્ટા ખાતે શિવ કથાના સમાપન પ્રસંગે યજ્ઞ સ્વરૂપ સુંદરકાંડ પાઠ રાત્રે ૮.૩૦ કલાકે સંજયભારતી ગોસ્વામીની વ્યાપીઠે યોજાશે.

● આર્ટ ઓફ લિવીંગના ગાંધીનગર એકમ દ્વારા શ્રી શ્રી રવિશંકરજીના જન્મદિન નિમિત્તે સાંજે ૮.૩૦ કલાકે સે-૧૧માં મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સત્સંગ, ભજન કિર્તિનનો કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ચ રોડ પર મેજીસ્ટ્રેટને ટકકર મારનાર કારચાલક આરોપીને કોર્ટમાં રજૂ કરાયો હતો. કોર્ટમાં આરોપીના રૂ.૧૦હજારના જામીન મંજૂર થયા હતા.

● ગત વર્ષે ઉનાળુ વેકેશનમાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે એટીએમ ગિટારિસ્ટ ગૃપનો ઓપન ગીટારવાદન કાર્યક્રમ જબરદસ્ત લોકપ્રિય થયો હતો. આ વર્ષે પણ દર શનિવાર-રવિવારે સાંજના ૭ વાગ્યાથી સેન્ટ્રલ વિસ્ટા પાર્ક ખાતે ગુડા સાયકલ સ્ટેન્ડ તરફના કોર્નરમાં એટીએમ ગિટારિસ્ટ ગૃપનો શહેરમાં ઓપન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે જેને માણવા શહેરના સંગીત રસિયાઓ એકત્ર થઈ રહ્યા છે.

● ઉનાળુ વેકેશન હોવા છતાં ગરમીના વધેલા પારાને કારણે ઈન્દ્રોડા પાર્ક તથા અક્ષરધામ વગેરે સ્થળોએ દિવસ દરમિયાનના પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# બાલવા ગામથી ચોકડી સુધીનો રસ્તો મંજુર થવા છતાં ખોરંભે

ગાંધીનગર, તા. ૧૨

બાલવા ગામથી બાલવા ચોકડી સુધીનો રોડ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૨૦૧૫માં મંજુર થયેલ છે. છતાં જિલ્લા પંચાયતની બેદરકારીના કારણે હજુ સુધી શરૂ થયેલ નથી. બાલવા ગામમાં સ્ટેટ બેંક, દેનાબેંક, દવાખાનુ, ટેલિફોન એકસચેન્જ, હાઈસ્કૂલ વગેરે હોવાથી બાલવાની આજુબાજુના ગામની જનતાની અવરજવર હોય છે. વાહન વ્યવહાર વધુ હોવાથી રોડ તુટી ગયા હોયાથી વારંવાર અકસ્માતનો ભય રહે છે. આ રોડ બનાવવા માટે મુખ્યમંત્રી કાર્યાલયમાં, માર્ગ મકાન વિભાગને જિલ્લા પંચાયતમાં રજુઆતો કરેલ હોવા છતાં રસ્તાનું કામ શરૂ થતુ નથી. દિન-૧૫માં કામ શરૂ નહિ થાય તો સુરેશભાઈ ત્રિવેદીની આગેવાની નીચે આંદોલન કરવાનું ગામ લોકો વિચારી રહ્યા છે.

## આઈ લવ માય ગાંધીનગર



**પ્રતીક હીરપરા**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**
મન હરી લે તેવી સુંદરતા, હરિયાળી અને પારકાંને પોતાનાં કરી લેતાં લોકોનું આ નગર હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**
સ્નેહાળ, સંસ્કૃત, સેવાભાવી અને કલાપ્રેમી નાગરિકો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
શહેરની કલા, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. કેએસવી, ગ્રો ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, જી ઈ ક્લબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
નગર પ્રત્યે સૌનો લગાવ વધે તે માટે સૌને અને ખાસ કરીને યુવાવર્ગને સેવા અને વિકાસની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવાની આવશ્યકતા મહેસૂસ થાય છે.

**નગર માટે હું કરી શકું**
કલા, સેવાના ક્ષેત્ર માટે મારું સંપૂર્ણ યોગદાન આપવા માટે હું તૈયાર છું ને રહીશ.

# પ્રજાપતિ સમાજ માટે રાજસ્થાન પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં વસતા પ્રજાપતિ સમાજના સભ્યો માટે રાજસ્થાન ખાતેના યાત્રાધામ રણુંજાના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસનું ગાંધીનગર પ્રજાપતિ સમાજ મિત્ર મંડળ દ્વારા તા. ૨૬મી મે થી તા.૩૦મી મે દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

રણુંજાના ચાર દિવસિય પ્રવાસનો પ્રારંભ તા. ૨૬મી મેએ સાંજે ૮.૦ કલાકથી કરાશે. જેમાં ૨x૩ એસી લકઝરી વિડીયો કોચ દ્વારા રાજસ્થાનના જોવાલાયક સ્થળોને પણ આવરશે. આ સ્થળોમાં જૂના રણુંજા, રામદેવરા, પોકરણ, ગુરૂ ગોરખનાથ ગુફા, પાંચપીરની જગ્યા, વણઝારી વાવ, જોધપુર મહેલ કિલ્લો, અજમેર શરીફ દરગાહ, પુષ્કરમાં બ્રહ્માજીનું મંદિર, પુષ્કરરાયજી, જયપુર હવાઈ મહેલ, શ્રીનાથજી, એકલિંગજી, કેસરિયાજી તથા શામળાજીના દર્શનનો સમાવેશ કરાયો છે. પ્રવાસ દરમિયાન પ્રવાસીઓને સવારે ચા નાસ્તો બપોરે પાકું ભોજન તથા રાત્રે હળવું ભોજન આપવામાં આવશે. પ્રવાસીઓને રહેવા માટે કોમન ધર્મશાળાની વ્યવસ્થા કરાશે પ્રવાસીઓને પાથરણું, પાણીની બોટલ, ડીશ ગ્લાસ તથા અન્ય જરૂરી સામાન અને દવાઓ સાથે લાવવાની રહેશે. પ્રવાસ દરમિયાન ગાઈડ, પ્રદર્શન ફી, રીક્ષા ભાડુ વગેરે પ્રવાસીઓએ ભોગવવાનું રહેશે તેમજ પ્રવાસમાં વહેલા તે પહેલાના ધોરણે બુકિંગ ફાળવાશે. આ પ્રવાસમાં જોડાવા માટે સભ્યોએ ૯૪૨૭૮૮૭૬૮૯ અથવા ૯૪૨૮૨૧૭૪૨૮ નંબર પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# બહિયલમાં ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમતા છ પકડાયા

ગાંધીનગર, તા.૧૨

દહેગામ પોલિસ મથકના એક કોન્સ્ટેબલને ગઈ કાલે સાંજે બાતમી મળી હતી કે બહિયલ ગામમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો વરલી મટકાનો જુગાર રમી રહ્યા છે તેને આધારે દહેગામ પોલિસની ટીમે દરોડો પાડી જાહેરમાં વરલી મટકાનો જુગાર રમતા છ શખ્સોને પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રૂ. ૨૩૫૦નો મુદ્દામાલ જપ્ત કરીને દહેગામ પોલિસે વરલીના આંકડા લખેલી ડાયરી તથા કાગળો પણ જપ્ત કરી વધુ તપાસ શરુ કરી છે.

દહેગામ પીએસઆઈ પી.જે. સોલંકીની ટીમના એક કોન્સ્ટેબલ વિજયસિંહને ગઈ સાંજે બાતમી મળી હતી કે બહિયલ ગામમાં ખુલ્લામાં કેટલાક શખ્સો વરલી મટકાનો જુગાર રમાડી અને રમી રહ્યા છે જેને આધારે દહેગામ પોલીસની ટીમે દરોડો પાડી બહિયલના યુસુબ નન્નુ સિપાઈ, પાલુન્દ્રાના કરણ ગુલાબ દેવીપુજક, કમાલબંધ ગામના મંગા બુધા ઠાકોર, જમાલપુરના સજ્જાદઅલી હસનઅલી શેખ, કમાલબંધ વાસણાના બબા પુનમ દેવીપુજક અને લક્ષ્મીપુરાના જશુ ભેમા ઝાલા મળીને છ શખ્સોને દબોચી લઈ તમામની રૂ. ૨૩૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ જુગારધારાની કલમ ૧૨ (એ) મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરના સિનેમાગૃહોમાં નિયમોની ઐસી તૈસી

ગાંધીનગર, તા.૧૨

સરકાર દ્વારા મનોરંજન કર પેટે અઢળક નાણાં સિનેરસિકો પાસેથી લેવાય છે પરંતુ સિનેરસિકોને સિનેમાગૃહો તરફથી અપાતી સુવિધા પ્રત્યે દુર્લક્ષ સેવાય છે. હાઉસફુલના પાટીયા લગાવી દૈનિક કમાણીમાં ઓતપ્રોત શહેરના સિનેમાગૃહના સંચાલકોએ પાળવાના પ્રાથમિક નિયમોની ઐસી તૈસી કરી સિનેમા જોવા આવતા લોકોને મજબૂર કરતાં હોવાની બુમ ઉઠવા પામી છે. સિનેમાગૃહમાં જ મોટી રકમ લઈ ફાળવેલા સ્ટોલ્સને ફાયદો કરાવવા સંચાલકો રમત રમતાં હોવાનું બહાર આવ્યું છે. જે કારણે સરકારની પણ અનદેખીને સેટીંગમાં જોવાઈ રહી છે.

પાટનગરમાં જ સિનેમાગૃહોની દાદાગીરીએ માઝા મુકી છે જેમાં તંત્ર બિલકુલ મૌન સેવીને આડકતરી રીતે સપોર્ટ કરતું હોય તેવું લાગી રહ્યું છે. શહેરના કેટલાક સિનેમાઘરોમાં સિનેરસિકો માટે પીવાનું પાણી જ ઉપલબ્ધ કરાવાતું નથી તેમજ બહારનો નાસ્તો કે અન્ય ખાણી પીણી ગૃહમાં લઈ જવા દેવામાં આવતી નથી જેથી મસમોટી રકમો મેળવી ગૃહમાં જ સ્ટોલ્સ ઉભા કરીને સિને રસિકોને આ સ્ટોલ્સ ઉપરથી જ જરૂરી નાસ્તા તથા પીવાનું પાણી લેવા મજબૂર કરાઈ રહ્યા છે.



મોંઘી ટીકીટો ખરીદીને મનોરંજન મેળવવા આવતા સિનેરસિકોને પ્રાથમિક સુવિધા આપવામાં સિનેમાગૃહો બેદરકારી દાખવી રહ્યા છે છતાં પણ તંત્ર આંખ આડા કાન કરે છે. જો કે સિનેરસિકો આક્રોશપૂર્વક જણાવી રહ્યા છે કે સિને સંચાલકો મનોરંજન વિભાગના અધિકારીઓને સાચવી લેતા હોવાથી સિનેમાગૃહોની આવી દાદાગીરી ચલાવી લેવાય છે. સિનેમાગૃહમાં મોટા પડદે સિનેમા જોવા ગમે તેમ કરી નાણાં ભેગા કરી મોટી રકમની ટીકીટ ખરીદીને આવતા ગરીબ અને સામાન્ય માણસો ભુખ્યા તરસ્યા ચુપચાપ બેસી રહે છે. જેમાં સિનેમાગૃહોમાં રાખેલા બાઉન્સરો પણ સંચાલકોને અનુકુળ હોય તે રીતે વર્તન કરી રહ્યા છે. જે અંગે ઓચિંતી તપાસ હાથ ધરી કાર્યવાહી કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

## ચિરવિદાય

- સ્વ. કનૈયાલાલ તુલસીરામ મોદી, ઉ.વ. ૪૦
- સ્વ. કનકબેન હિંમતલાલ દવે, ઉ.વ. ૮૪
- સ્વ. જાની શાંતાબેન દલપતરામ, ઉ.વ. ૯૪
- સ્વ. અનુપમા અરવિંદ ગદાણી, ઉ.વ. ૬૯
- સ્વ. ચંદ્રિકાબેન રમેશભાઈ નાયી, ઉ.વ. ૬૫
- સ્વ. બબાભાઈ વેલાભાઈ દંતાણી, ઉ.વ. ૮૫